મુંબઇ અને રોયલ ચેલેન્જર્સ વચ્ચે આજે રોમાંચક જંગ

મુંબઇ,
મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચે આવતીકાલે મંગળવારના દિવસે રોમાંચક જંગ ખેલાનાર છે. આના માટે મુંબઈમાં જોરદાર રોમાંચની સ્થિતી જોવા મળી રહી છે. બન્ને ટીમોનો દેખાવ હજુ સુધી ખુબ નબળો રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સને હજુ સુધી એક પણ મેચમાં જીત મળી હતી. તેની ત્રણેય મેચોમાં હાર થઈ છે. વર્તમાન ચેમ્પિયન મુંબઈની ટીમ તરફથી કેપ્ટન રોહિત શર્મા બિલકુલ ફ્લોપ રહ્યો છે. જે ટીમ મેનેજમેન્ટ માટે ચિંતાજનક બાબત રહી છે. બીજી બાજુ બેંગ્લોરની ટીમ પણ ધારણા પ્રમાણે દેખાવ કરી શકી નથી. બેંગ્લોરની ટીમે હજુ સુધી ત્રણ મેચો રમી છે જે પૈકી બે મેચોમાં તેની હાર થઈ છે. વિરાટ કોહલી, ડિવિલિયર્સ સહિતના ખેલાડી પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મેચનુ પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે, ગયા શનિવારના દિવસે ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ ટૂર્નામેન્ટની શરૂઆત થઈ હતી. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. ખાસ કરીને ઉભરતા સ્ટાર ખેલાડીઓને આઈપીએલના મંચ પર જોરદાર દેખાવ કરીને રાષ્ટ્રીય સ્તર પર ચમકવાની સુવર્ણ તક છે. આઈપીએલ-૧૧માં પણ ટ્વેન્ટી વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. બોલ ટેમ્પરિંગના આરોપમાં દોષિત જાહેર થતા સ્ટીવ સ્મીથ અને ડેવિડ વોર્નર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે જેથી બન્ને ખેલાડી એક વર્ષ સુધી રમનાર નથી.ઈન્ડિયન પ્રિમિયર લીગની અન્ય વિશેષતા એ છે કે, આઈપીએલ-૧૧માં ગુજરાતના અનેક ખેલાડી પણ રમી રહ્યા છે. તમામ ૧૦ સ્ટેડિયમ ખાતે પુરતી તૈયારી કરી લેવામાં આવી છે. લીગ તબક્કામાં કુલ ૫૬ મેચો રમાનાર છે. લીગ મેચો સાતમી એપ્રિલથી શરૂ થશે. ટોપની ચાર ટીમો પ્લે ઓફમાં રમનાર છે. આ વખતે અનેક સ્ટાર ખેલાડી હાલમાં ઘાયલ હોવાથી ક્રિકેટ ચાહકો નિરાશ છે. પરંતુ તેમની શરૂઆતની કેટલીક મેચો બાદ વાપસી થનાર છે. કેટલાક ખેલાડી સમગ્ર શ્રેણીમાં પણ રમનાર નથી. આવી સ્થિતીમાં રોમાંચકતા પર માઠી અસર થઈ શકે છે. ઈન્ડિયન્સ પ્રિમિયર લીગમાં હજુ સુધી રમાયેલી તમામ મેચો ખુબ રોમાંચક રહી છે. આવી સ્થિતીમાં કરોડો ચાહકો આઈપીએલ સાથે વધુને વધુ સંખ્યામાં જોડાયા છે

મુંબઈ ઈન્ડિયન્સ : બુમહાર, ચહેલ, કમિન્સ, કટિંગ, ધનંજયા, બિન્ની, લાડ, લેવિસ, લુંબા, મેકક્લાઘન, માર્કંડે, મોહસીન ખાન, રહેમાન, નિદેશ, હાર્દિક પંડ્યા, કેએચ પંડ્યા, પોલાર્ડ, રોય, સાંગવાન, રોહિત શર્મા (કેપ્ટન), તેજેન્દરસિંહ, એપી તારે, તિવારી યાદવ.

રોયલ્સ ચેલેન્જર્સ બેંગ્લોર : વિરાટ કોહલી (કેપ્ટન), અલી, એન્ડરસન, એમ અશ્વિન, વાયએસ ચહેલ, એ ચૌધરી, ગ્રાન્ડહોમ, ડીકોક, દેશપાંડે, ડિવિલિયર્સ, જોશી, ખાન, ખેરજોલિયા, મેક્કુલમ, મનદીપ, સિરાજ, નેગી, પાર્થિવ પટેલ, સૈની, સાઉથી, વ્હોરા, વોશિંગ્ટન સુંદર, વોક્સ, ઉમેશ યાદવ.

ભિલોડામાં કેશના અભાવે ખેડુતો, પશુપાલકો, વેપારીઓ, પેન્શનરો ત્રાહિમામ

ભિલોડા,
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે વિવિધ બેંકોમાં કેશના અભાવે ખેડુતો, પશુપાલકો, વેપારીઓ, પેન્શનરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.ભિલોડામાં વર્ષો જુની દેના બેંક શાખામાં અંદાજીત ૫૦,૦૦૦ થી વધુ ખાતાધારકો છે પરંતુ ઉપરથી કેશ આવતી ન હોવાના કારણે ગ્રાહકોને ધરમ ધક્કા ખાવાનો વારો આવતો હોય છે.ભિલોડા દેના બેંક ઓફીસરનો સંપર્ક સાધતાં જણાવ્યું હતું કે દેના બેંકમાં અંદાજીત ૬૦ થી ૭૦ લાખની કેશની જરૂરીયાત રહેતી હોઈ છે ત્યારે તમામ ગ્રાહકોને પુરતા નાણાં મળી રહે તેમ જણાવ્યું હતું પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે દેના બેંકમાં ઉપરથી બીલકુલ કેશ આવતી નથી જેના કારણે ગ્રાહકોને પુરતા નાણાં આપી શકાતા નથી.ભિલોડા ખાતે સંતુહિરા માર્કેટમાં કાર્યરત દેના બેંકનું એ.ટી.એમ.અંદાજીત ૧૮ મહિનાથી બંધ હોવાનું જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું.ભિલોડામાં છેલ્લા કેટલાક સમયથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,બેંક ઓફ બરોડા, આઈ.ડી.બી. આઈ., સાબરકાંઠા બેંક, યુનિયન બેંક સહિત વિવિધ બેંકોના એ.ટી.એમ. મશીનો કેશ અને કેનેક્ટીવીટીના અભાવે બંધ રહેતાં ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં લગ્નસરાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે બેંકોમાંથી નહીવત કેશ ગ્રાહકોને મળતી હોવાના કારણે ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વિવિધ બેંકોએ લગ્નસરાની સિઝનમાં એ.ટી. એમ. મશીનો સતત બંધ રાખતાં ગ્રાહકોને ભારે મુશ્કેલી સહન કરવાનો વારો આવ્યો છે. વિવિધ બેંકોએ કેશની લીમીટ બાંધી દેતાં ગ્રાહકોની હાલત કફોડી બની ગઈ છે.★

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં યંગ બ્લડ એસોસિએશન (વાય.બી.એ)ની ટીમ સતત ૨૭માં વર્ષે પણ ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ નીમીત્તે કૃષ્ણનગર ,ઋષિકેશ અને નિજાનંદ નગર સોસાયટીના પટાંગણમાં અને ઘરે ઘરે દીવડા પ્રગટાવી ભીમ દિવાળીની ઉજવણી કરી સોસાયટીના બાળકોની સુસુપ્ત અવસ્થા બહાર લાવવા સાંસ્કૃતિક કાર્યક્રમો અને તેજસ્વી તારલાઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું .કાર્યક્રમમાં ઉપસ્થિત અબાલ ,વૃદ્ધ સૌકોઈ એ કેન્ડલ માર્ચ દ્વારા ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નીમીત્તે સામુહિક ભીમ દિવાળીની ઉજવણી કરી હતી .(તસ્વીર:- જીત ત્રિવેદી , ભિલોડા)

ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં

વાંકાનેર સ્ટેટના જાગીરદાર ઠાકોર સાહેબના સ્ટેચ્યુંને ખંડીત કરી સળગાવતાં પ્રજાજનોમાં તીવ્ર રોષ

ભિલોડા,
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં પ્રવેશધ્વાર પાસે વાંકાનેર સ્ટેટના જાગીરદાર ઠાકોર સાહેબ ધીરજસિંહજીના સ્ટેચ્યુંને અજાણ્યા અસામાજીક તત્વો ધ્વારા ખંડીત કરી સ્ટેચ્યું નીચે ટાયરો સળગાવતાં પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.અસામાજીક તત્વોએ ઘોડા ઉપરથી તલવાર અને ભાલો લઈ પલાયન થઈ ગયા હતા.વાંકાનેર ગ્રામજનો ધ્વારા પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી.પોલીસ કાફલો ઘટનાસ્થળે તાબડતોબ પહોંચી ગયો હતો.સ્ટેચ્યુંને ખંડીત કરી અસામાજીક તત્વોએ નુકશાન પહોંચાડ્યું છે.

રાજપુત સમાજની લાગણીને અસામાજીક તત્વોએ ઠેસ પહોંચાડી છે. વાંકાનેર ગામના રાજપુત સમાજના અને વિવિધ સમાજના આગેવાનોએ સામુહિક રીતે આ બનાવ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં જણાવ્યું હતું. વાંકાનેર ગામના દિગ્વીજયસિંહ ચંપાવત, કુલદિપસિંહ ચંપાવત, મનહરભાઈ પટેલ સહિત જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે વાંકાનેર સ્ટેટના જાગીરદાર ઠાકોર સાહેબ ધીરજસિંહજીનું સ્ટેચ્યું ગામના પ્રવેશધ્વાર પાસે વર્ષોથી મુંકાયું હતું.

અંગ્રેજોના સમયકાળ દરમ્યાન કહેવાય છે કે વાંકાનેર સ્ટેટના જાગીરદાર ધીરજસિંહજીની પાછળ પડેલા તે સમયે વાંકાનેર નાળીયામાં બાર બળદ ગાડા જતા હતા ત્યારે ધીરજસિંહજી ઘોડી ઉપર સવારી કરતા હતા તે સમય દરમ્યાન બાર મણનું બકતર,સાત મણ ભાલાના વજન સાથે બાર બળદ ગાડા કુદાવી વાંકાનેરના ડુંગરોમાં આવી ગયા હતા. વાંકાનેર સ્ટેટના જાગીરદાર ઠાકોર સાહેબની યાદો સમાજમાં જીવંત રહે તે હેતુસર સ્ટેચ્યું મુંકવામાં આવ્યું હતું પરંતુ મધ્યરાત્રે અજાણ્યા અસામાજીક તત્વોએ સ્ટેચ્યું નીચે ટાયરો સળગાવી સ્ટેચ્યુંને ખંડીત કરી તલવાર અને ભાલો લઈ રવાના થઈ ગયા છે ત્યારે રાજપુત સમાજ સહિત ગ્રામજનોની લાગણી દુભાઈ હતી.રાજપુત સમાજ સહિત વાંકાનેર ગ્રામજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો હતો.

વાંકાનેર રાજપુત સમાજના આગેવાનો,ગ્રામજનોએ મીંટીંગ બોલાવી કઠોર નિર્ણય લીધા હતા.ભિલોડા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરાઈ હતી.અસામાજીક તત્વોને કડકમાં કડક કાર્યવાહી કરવા ગ્રામજનોની પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન રાઈટર વિઠ્ઠલભાઈ,પોલીસ કોન્સ્ટેબલ નાનજીભાઈ, ગુણવંતભાઈના જણાવ્યા મુજબ વાંકાનેર સ્ટેટના જાગીરદાર ધીરજસિંહજી સ્ટેચ્યુંને અસામાજીક તત્વો ધ્વારા મધ્યરાત્રે ખંડીત કરી ભાલો અને તલવાર લઈ પલાયન થઈ જનાર અજાણ્યા ઈસમોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.★



(તસ્વીરઃ-જીત ત્રિવેદી, ભિલોડા)

મોડાસામાં લઘુમતી સમાજે કોલેજ રોડ પર ૨ કી.મી. માનવ સાંકળ રચી આસિફા ના ન્યાય માટે માંગ

મોડાસા,
અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના કોલેજ રોડ પર રવિવારે સવારે મોટીસંખ્યામાં લઘુમતી સમાજના અગ્રણીઓ,યુવાનો અને બાળકોએ રોડ ની બંને બાજુએ શાંતિપૂર્ણ રીતે ૨ કી.મી.લાંબી માનવ સાંકળ રચી વિવિધ બેનરો,મોં પર અને હાથપર કાળી પટ્ટીઓ ચોંટાડી મૌનધારણ કરી જમ્મુ કાશ્મીરના કઠુઆમાં ૮ વર્ષની આસિફા નામની બાળકીનું અપહરણ કરી નશીલી દવાઓ પીવડાવી જે રીતે નરાધમતા આચરવામાં આવી તે ભલભલાનું કાળજું કંપાવી દે તેવી ઘટના અને યુ.પી ના ઉન્નાવ માં સગીરા પર કરવામાં આવેલા ગેંગરેપની ઘટના સહીત દેશમાં ખૂણે ખૂણે બનતી બળાત્કારની અગણિત ઘટનોમાં સંડોવાયેલા નરાધમોને શખ્ત સજા મળે અને બળાત્કારની ઘટનાઓ રોકવા માટે સરકારે શખ્ત પગલાં લેવામાં આવેની માંગ કરી હતી રોડની બંને બનું માનવસાંકળ રચાતા અને શાંતિપૂર્વકના વિરોધ થી અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ પણ સરાહના કરી હતી.★

ઓઈલ ઉદ્યોગ દ્વારા ૨૦ એપ્રિલના રોજ "ઉજ્જવલા દિવસ" તરીકે ઉજવાશે

અમદાવાદ,
તેલ ઉદ્યોગ દ્વારા તા.૨૦ એપ્રિલ ૨૦૧૮ના રોજ "ગ્રામ સ્વરાજ અભિયાન"નામના ભારત સરકારનાં પગલાંની ઉજવણી 'ઉજ્જવલા દિવસ' તરીકે કામ કરવામાં આવશે. આ અંગેની જાણકારી ઓઈલ ઉદ્યોગનાં રાજ્યકક્ષાના સંયોજક અને ઈન્ડિયન ઓઈલનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, ગુજરાત એસ.એસ. લાંબાએ પુરી પાડી હતી. કેન્દ્ર સરકારનાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ (એમઓપીએનજી) મંત્રાલયનાં ગ્રામ સ્વરાજ અભિયાનનાં ભાગરૂપે તા.૨૦ એપ્રિલ ૨૦૧૮નાં રોજ 'ઉજ્જવલા દિવસ' તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. વિશેષ નિરીક્ષણ દિનનાં સર્જન દ્વારા એમઓપીએનજી તેની પીએસયુ ઓઈલ માર્કેટીંગ કંપનીઓ મારફતે ગ્રામીણ ગ્રાહકોનાં એલપીજીનાં સલામત અને અસરકારક વપરાશને મોટા ધોરણે પ્રમોટ કરવા માંગે છે. ઉજ્જવલા દિવસ ૮ કરોડ એલપીજી લાભાર્થીઓના લક્ષ્યાંકને પ્રમોટ કરશે અને તે દિવસે એલપીજી પંચાયત દ્વારા યોગ્ય લાભાર્થીઓને કનેક્શન્સ પૂરા પાડવામાં આવશે. તા.૨૦ એપ્રિલ ૨૦૧૮નાં ઉજ્જવલા દિવસનાં અવસરે દેશભરમાં ૧૫,૦૦૦ એલપીજી પંચાયતો યોજવામાં આવશે. આ પંચાયતોમાં એલપીજીનાં સલામત અને અસરકારક વપરાશનાં અનુભવોની વાત કરવા ઉપરાંત મહત્તમ ગ્રાહક એનરોલમેન્ટ થાય તેવા પ્રયાસો પણ હાથ ધરવામાં આવશે. પ્રત્યેક પંચાયતમાં ૫૦૦ મહિલા ભાગ લે અને તેમાંથી ૧૦૦ નવા એલપીજી લાભાર્થીઓનો ઉમેરો થાય તેવું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ પંચાયત સેશનમાં સલામતી સાહિત્યનું પણ વિતરણ કરવામાં આવશે. એલપીજી પંચાયત એ સમુદાય બેઠક છે, કે જેમાં એલપીજી ગ્રાહકો એકબીજા સાથે વાતચીત કરી, અરસપરસ શીખે છે અને તેમના અનુભવો વર્ણવે છે. પ્રત્યેક એલપીજી પંચાયતમાં પાડોશના વિસ્તારોમાંથી ૫૦૦ મહિલાને ભાગ લેવા પ્રોત્સાહિત કરવાની ધારણા છે. તેમાંથી ઉજ્જવલા એલપીજી વપરાશકારોને એલપીજીનાં સલામત વપરાશ તેમજ સ્વાસ્થ્ય પર્યાવરણ અને મહિલા સશક્તિકરણ અંગેની જાણકારી મળશે અને સભાનતા કેળવાશે. જે મહિલાઓએ એલપીજી સાથે રાંધવાના કાયદાઓનો અનુભવો મેળવ્યો હશે તે અન્ય મહિલાઓને પણ કોઈપણ ખોટા ખ્યાલ બાંધ્યા સિવાય સ્વચ્છ, હરિત રાંધણ બળતણના સલામત વપરાશ અંગેનો વિશ્વાસ વધારી શકશે. આમ, વાસ્તવિક વપરાશકારોનો અનુભવ સામુદાયિક ચર્ચા વિચારણા દ્વારા એલપીજી પંચાયતનાં માધ્યમથી નવા વપરાશકારોને પ્રોત્સાહિત કરવામાં અગત્યનો ભાગ ભજવશે.

ચાંપલપુર મારવાડા બાર ગામ તપોદન બ્રાહ્મણ સમાજ , રાજસ્થાન હોસ્પિટલ અમદાવાદ તથા ઈન્ડીયન મેડિકલ એશોસિયેશન દ્વારા ખેડબ્રહ્મા શહેરમાં તપોદન વાડીમાં તા.૧૪ના રોજ સવારે ૧૦ થી ૨ કલાક વચ્ચે ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કાર્યક્રમ યોજાયો જેમાં રાજસ્થાન હોસ્પિટલના ડોક્ટરોએ સેવા આપી હતી જેમાં ૨૦૦થી વધુ દર્દીઓની તપાસ કરી અપાઈ હતી .ખેડબ્રહ્માના જીજ્ઞેશભાઈ રાવલ , ગીરીશભાઈ રાવલ , હિતેષભાઈ દવે , અંકુર જાની , રૂપેશ રાવલ તથા વિષ્ણુભાઈ પ્રજાપતિ વિગેરેએ જહેમત ઉઠાવતા કાર્યક્રમ સફળ રહ્યો હતો . (તસ્વીરઃ- હસમુખ પંચાલ , ખેડબ્રહ્મા)

તોગડિયાના સમર્થનમાં અરવલ્લી વીએચપીના ૫૦થી વધુ કાર્યકરોએ રાજીનામાં ધરી દીધા

મોડાસા,
શનિવારે ગુરુગ્રામમાં યોજાયેલી ચૂંટણીમાં વિશ્વ હિન્દૂ પરિષદના નવા અધ્યક્ષ તરીકેની ચૂંટણીમાં ડૉ.પ્રવીણ તોગડિયાના નિકટના મનાતા અને સમર્થક રાઘવ રેડ્ડીને હરાવવા થયેલા કાવાદાવા ના પગલે તોગડિયાએ વિશ્વ હિન્દૂ પરિષદ સાથેનો નાતો તોડીને તેમાંથી અણધારી વિદાય લેતા અને છેલ્લા કેટલાય સમયથી ડૉ.પ્રવીણ તોગડીયા સાથે કરવામાં વર્તનના પગલે અરવલ્લી જીલ્લાના વીએચપીના અને બજરંગદળના કાર્યકરોમાં ખળભળાટ મચી ગયો હતો અને તોગડિયાના ૩૨ વર્ષ ના હિંદુઓ અને રામમંદિરના નિર્માણ માટેના કાર્યોનો અણધાર્યો અંત લાવવાનો પ્રયત્ન થતા તેમના સમર્થનમાં પ્રાંત વિભાગ,પ્રખંડ અને શહેરના હોદેદારો અને કાર્યકરોએ રાજીનામાં ધરી દીધા હતા.

સુરત એફ.એસ.એલ.નો રિપોર્ટ આવતા ચકલાદ ગામેથી

પકડાયેલા ગોળમાં તાલુકા ભાજપ મહામંત્રીના ભાઈ તેમજ ટેમ્પો ચાલક સામે ગુનો દાખલ

આમોદ,
આમોદ તાલુકાના ચકલાદ ગામે ગત ૬ માર્ચના રોજ અખાદ્ય ગોળના ડબ્બા સાથે આઈશર ટેમ્પો તેમજ પીકઅપવાન મળી કુલ ૧૯૨ નંગ ગોળના ડબ્બા સાથે મુદ્દામાલ આમોદ પોલીસે જપ્ત કર્યો હતો અને આમોદ પોલીસે સુરત એફએસએલની મદદ લઈ ગોળ ખાદ્ય છે કે અખાદ્ય તેની તજવીજ હાથ ધરી હતી ત્યારે ગતરોજ સુરત એફએસએલ તરફથી અખાદ્ય ગોળનો રિપોર્ટ આવતા આમોદ પોલીસે પ્રોહીબિશન હેઠળ ગુનો દાખલ કરી બે આરોપીઓને પકડવાની તજવીજ હાથ ધરી હતી.

આમોદ પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ગત ૬ માર્ચના રોજ આમોદ પોલીસ મથકના બીટના જમાદાર શનાભાઈ મથુર વસાવાને બાતમી મળી હતી જેથી બીટ જમાદાર પોતાના પોલીસ સ્ટાફ સાથે ચકલાદ ગામેથી આઈશર ટેમ્પો તથા પીકઅપ વાન સાથે અખાદ્ય ગોળનો જથ્થો મેળવી આમોદ પોલીસ મથકે ૧,૧૫,૧૦૦ રૂપિયાનો અખાદ્ય ગોળ પીકઅપ વાન જેની કિમત રૂા.૧,૫૦,૦૦૦/- તથા આઈશર ટેમ્પો જેની કિંમત રૂા.૩ લાખ મળી કુલ ૫,૬૫,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ત્યારબાદ આમોદ પોલીસે આઈશર ટેમ્પોમાં રાખેલા કુલ ૧૨ નંગ અખાદ્ય ગોળના ડબ્બા જે ૪૬૦૮ કિલો ગોળ જેની કિંમત રૂા.૧,૧૫,૧૦૦ની કિંમતનો ગોળ જપ્ત કરી ગોળ ખાદ્ય છે કે અખાદ્ય જે અંગે સુરત એફએસએલની મદદ લીધી હતી જેથી ફોરેન્સિક લેબોરેટરીમાંથી ગોળ અખાદ્ય હોવાનો રિપોર્ટ આવતા આમોદ પોલીસે (૧) ઠાકોરભાઈ અમરસંગભાઈ પઢિયાર રહે. ચકલાદ તા.આમોદ (૨) મુસ્તાક આદમ પટેલ રહે. ટંકારીયા તા.જી.ભરૂચ (ટેમ્પો ચાલક) સામે પ્રોહિબિશન એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તાલુકા ભાજપના રાજકીય હોદ્દેદારના સગાભાઈનું નામ ખુલતા ગરમાવો

આમોદ તાલુકાના ચકલાદ ગામે રહેતા ઠાકોરભાઈ અમરસંગ પઢિયાર જે આમોદ તાલુકા ભાજપ મહામંત્રી મફતસિંહ પઢિયારના સગા ભાઈ છે ત્યારે અખાદ્ય ગોળ પ્રકરણમાં ભાજપ મહામંત્રીના સગા ભાઈનું નામ ખુલતા ભાજપમાં સન્નાટો વ્યાપી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આમોદ તાલુકાના ખોબલા જેવા ચકલાદ ગામેથી લાખો રૂપિયાનો અખાદ્ય ગોળ ઝડપાતા પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

નોટીસ

આથી સર્વેને નોટીસ આપવામાં આવે છે કે મોહનલાલ મોરારજી મિસ્ત્રીનાં નામનાં કોન્ફીડન્સ પેટ્રોલીયમ ઈન્ડીયા લીમીટેડનાં ફોલીયો નંબર ૦૦૧૧૦૬૮ નાં સર્ટીફિકેટ નંબર ૪૧૪૪૭ નાં ડીસ્ટીકટીવ નંબર ૯૨૫૯૦૦૧ થી ૯૨૬૦૦૦૦ વાળા શેરોનું સર્ટીફિકેટ ખોવાયેલું છે. એમણે કંપનીમાં ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ લેવાં માટે અરજી કરેલ છે.

કોઈ પણ વ્યક્તિએ ઉપરોક્ત શેરો માટે હકક દાવો રજુ કરવો હોય તો કંપનીનાં રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ એડરોઈટ કોર્પોરેટ સર્વીસીસ પ્રા. લી. ૧૯, ઝફર ભોય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પહેલો માળ, મકવાણા રોડ, મરોલ નાકા, અંધેરી (ઈ) મુંબઈ - ૪૦૦૦૫૯ સામે આ નોટીસ પ્રસીધ્ધ થયાનાં ૧૫ દિવસની અંદર રજુ કરવાનો રહેશે. ત્યાર પછી કંપની ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઈસ્યું કરી આપશે.

નામ : મોહનલાલ મોરારજી મિસ્ત્રી
સરનામું : ૪૭, નીલ કમલ સોસાયટી, જીવરાજપાર્ક રોડ, વાસણા, અમદાવાદ - ૩૮૦૦૦૭.

વડતાલ મંદિર દ્વારા ૨૦૦૦ ચંપલનું વિતરણ

આણંદ,
આજરોજ સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થસ્થાન વડતાલ મંદિર દ્વારા ઉનાળાના તાપમાં ચંપલ વિના ફરતા ગરીબજનોની સેવા અર્થે ગામડે ગામડે જઈને પંદર જેટલી ટૂકડીઓએ બે હજાર જેટલા ચંપલોનું વિતરણ કાર્ય કર્યું છે. આ પ્રસંગે વડતાલ મંદિરના ચેરમેનશ્રી પ.પૂ. દેવપ્રકાશદાસજી સ્વામી, પ.પૂ. સદ્. શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી, પ.પૂ. શ્રી મુનિવલ્લભદાસજી સ્વામી એવં પૂ. શ્રી શ્યામવલ્લભદાસજી સ્વામી વગેરે સંતો ઉપસ્થિત રહ્યા હતા. સ્વયંસેવકોની ટુકડીઓને વિદાય આપતી વેળાએ સંતોએ જણાવ્યું હતું કે, સામાન્ય માણસ સુધી ધર્મ સંદેશ પહોંચાડવાનો આ સાચો રસ્તો છે. ખરેખર સેવા દરેક વ્યક્તિમાં ઈશ્વરના દર્શન કરીને કરજો. આ કાર્ય માનવતાનું છે. ધર્મનું છે. વડતાલધામનું છે. આપણા કાર્યો જ આપણને મહાન બનાવે છે. અહિં નિઃશુલ્ક હોસ્પિટલ, નિઃશુલ્ક ભોજનાલય, વિશાળ ગિર ગાયોની ગૌશાળા, વગેરે સેવા કલ્પો ચાલે છે; તેના પાયામાં ભગવાનશ્રી સ્વામિનારાયણે આ વડતાલમાં લખી શિક્ષાપત્રી છે. અંતમાં વર્તમાન ગાદિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે ૧ થી ૧૫ રૂટમાં સેવામાં જોડાયેલા સ્વયંસેવકો સાથે સમૂહ તસવીર આપીને આશીર્વાદ પાઠવ્યા હતા. આ સેવા કાર્યમાં સુધીરભાઈ બ્રહ્મભટ્ટ વિગેરે ભક્તો દ્વારા મળેલ સહયોગને બિરદાવીને સંતોએ સેવકોને વિદાય આપી. આ સમગ્ર વ્યવસ્થા પૂ. શ્યામ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે વડતાલ મંદિરના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી હતી એમ વડતાલ મંદિરના આ.કો.ડૉ. સંત સ્વામીની યાદીમાં જણાવ્યું છે.★

યુનિફોઝ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ
સીઆઈએનઃ L24219GJ1969PLC001588
નોંધણીકૃત કાર્યાલયઃ ૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિ. વલસાડ, ગુજરાત- ૩૯૬ ૧૯૫

નોટિસ

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) ૨૦૧૫ના નિયમન ૨૯(૧)(એ) સાથે વાંચતાં નિયમન ૪૭(૧)(એ) અન્વયે નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટિંગ કંપનીના મુંબઈ કાર્યાલયમાં શુક્રવાર, ૨૭મી એપ્રિલ, ૨૦૧૮ના રોજ બપોરે ૨.૩૦ વાગ્યે સુનિશ્ચિત થયેલ છે, જેમાં અન્ય બાબતો ઉપરાંત, ૩૧ મી માર્ચ, ૨૦૧૮ના પૂરા થયેલા વાર્ષિક સમયના ઓડિટેડ નાણાંકીય પરિણામો વિચારણામાં અને રેકોર્ડ પર લેવાશે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.uelonline.com પર પણ આપવામાં આવી છે અને કંપનીના ઈક્વિટી શેરો જ્યાં લિસ્ટેડ છે તે શેરબજારો, એટલે કે, બીએસઈ લિમિટેડ (બીએસઈ)ની વેબસાઈટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચન્જ ઓફ (આઈ) લિમિટેડ (એનએસઈ)ની વેબસાઈટ www.nseindia.com પર પણ જોઈ શકાશે.

બોર્ડના આદેશથી
યુનિફોઝ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ વતી
Sd/-
કે. એમ. ઠક્કર
કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળઃ મુંબઈ
તારીખઃ ૧૬મી એપ્રિલ, ૨૦૧૮

UPL યુપીએલ લિમિટેડ
સીઆઈએનઃ L24219GJ1985PLC025132
નોંધણીકૃત કાર્યાલયઃ ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિ. વલસાડ, ગુજરાત- ૩૯૬ ૧૯૫

નોટિસ

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) ૨૦૧૫ના નિયમન ૨૯(૧)(એ) સાથે વાંચતાં નિયમન ૪૭(૧)(એ) અન્વયે નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટિંગ કંપનીના મુંબઈ કાર્યાલયમાં શુક્રવાર, ૨૭મી એપ્રિલ, ૨૦૧૮ના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે સુનિશ્ચિત થયેલ છે, જેમાં અન્ય બાબતો ઉપરાંત, ૩૧ મી માર્ચ, ૨૦૧૮ના પૂરા થયેલા વાર્ષિક સમયના ઓડિટેડ નાણાંકીય પરિણામો વિચારણામાં અને રેકોર્ડ પર લેવાશે અને ઈક્વિટી શેરોપર ડિવિડંડ માટે ભલામણ કરવામાં આવશે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.uplonline.com પર પણ આપવામાં આવી છે અને કંપનીની સિક્યુરિટીઝ જ્યાં લિસ્ટેડ છે તે શેરબજારો, એટલે કે, બીએસઈ લિમિટેડ (બીએસઈ)ની વેબસાઈટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચન્જ ઓફ (આઈ) લિમિટેડ (એનએસઈ)ની વેબસાઈટ www.nseindia.com પર પણ જોઈ શકાશે.

બોર્ડના આદેશથી
યુપીએલ લિમિટેડ વતી
Sd/-
રજનીકાંત દેવીદાસ શ્રોફ
ડાયરેક્ટર
(ડીનઃ ૦૦૧૮૦૮૧૦)

સ્થળઃ મુંબઈ
તારીખઃ ૧૬મી એપ્રિલ, ૨૦૧૮

VINYOFLEX LIMITED
Regd. Off : 307, Silver Chamber, Tagore Road, Rajkot - 360 002.
CIN : L25200GJ1993PLC019830
Ph. : 0281-2468345, 2468776
Fax : 0281-2468839
Web site : www.vinyoflex.com
E mail : info@vinyoflex.com

NOTICE

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations 2015 that the meeting of the Board of Directors of the Company is scheduled to be held on will be held on 30th May 2018, Wednesday at 11.00 A.M. at the registered Office of the Company for taking on record of the Audited Financial Results for the Quarter/Year ended on 31st March 2018 and other matters.

This information is also available on the company`s Website at : www.vinyoflex.com and on website of the Stock Exchange i.e. BSE Website at : www.bseindia.com

For, **VINYOFLEX LIMITED**
by Order & behalf of the Board of Directors for Vinyoflex Ltd.
CS. Hetal Lodhiya
M. No. A46684
Company Secretary & Compliance Officer

Place: RAJKOT
Date: 17-04-2018